# ડૉ. બાબાસાહેબ આંબેડકર: શિક્ષણ સુસંગત સામાજીક વિચારધારા

ડૉ. કામેન્દુ આર. ઠાકર
આસીસ્ટંટ પ્રોફેસર,
શ્રીમતી એસ. આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ

**૧. પ્રસ્તાવના**

ડૉ. બી.આર. આંબેડકર દબાયેલા વર્ગના ઉદ્ધારક,જાણીતા ન્યાયશાસ્ત્રી,ભારતીય બંધારણના ઘડવૈયા,બહાદુર નેતા,ગહન વિદ્વાન અને ભારતીય બંધારણના મહાન યોગ્યત્તમ હતા.આઝાદી પછી ભીમરાવ રામજી આંબેડકરે સામાજિક સ્તર પર તેમની અમિટ છાપ છોડી અને આજના ભારતના રાજકીય,નાગરિક રૂપરેખાને આકાર આપ્યો.તેમના યોગદાન વિના ભારત એક અલગ ભારત હોત જે વધુ અસમાન અને અન્યાયી હોત.તેમણે ભારતના નૈતિક અને સામાજિક પાયાને નવીન બનાવવાનો પ્રયાસ કર્યો હતો.તેઓ ભૂતકાળના વારસા અને સંસ્કૃતિના સંશાધનો વિષે ખૂબ જ જાગૃત હતા.તેઓ સામાજિક કચડાયેલા વર્ગના મુક્તિદાતા બની રહ્યા.

ડૉ.બી.આર.આંબેડકરની તેમના જાહેર જીવનમાં અને વિવિધ વિષયો જેવાકે ઈતિહાસ,અર્થશાસ્ત્ર,મમાનવશાસ્ત્ર,રાજકારણ અને કાયદા જેવા વિવિધ વિશિષ્ટ વિષયોમાં તેમની બહુવિધ ભૂમિકા જોવા મળી હતી. વિદ્વાન, શિક્ષક, વકીલ, સંસદીય વહીવટકર્તા, પત્રકાર, પબ્લીશિષ્ટ, વાટાઘાટાકાર,વિરોધ પક્ષના નેતા એમ વિવિધ રીતે ઉપસ્થિત હતા અને આ હકીકતને લીધે તેમના લખાણના ક્ષેત્રોની ગણતરી કરવી મુશ્કેલ છે.ભારતની પરંપરાગતજ્ઞાતિ વ્યવસ્થામાં ફેરફારો લાવવામાં માઈક્રો અને મેક્રો સ્તરે શહેરીકરણ, ઔધોગિકરણ, શિક્ષણ અને આવા અન્ય પરિબળોએ ફાળો આપ્યો છે.

**૨. ભારતમાં જ્ઞાતિ વ્યવસ્થા**

ભીમરાવ આંબેડકરના અનુસાર ના જ્ઞાતિ,ના અસમાનતા અને ના શ્રેષ્ઠતા બધા જ સમાન હોવા જોઈએ.ભારતમાં જ્ઞાતિ પ્રણાલીનો અભ્યાસ ત્રણ દ્રષ્ટિકોણથી કરવામાં આવ્યો છે(૧) વૈચારિક (૨) સામાજિક-માનવશાસ્ત્રીય અને (૩) સામાજિક વિચારધારકોએ જ્ઞાતિને આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી.સામાજિક માનવશાસ્ત્રીઓએ સાંસ્કૃતિક દ્રષ્ટિકોણથી અને સમાજશાસ્ત્રીઓએ સામાજિક સ્તરીકરણના દ્રષ્ટિકોણથી જોઈ છે.આંબેડકરના લખાણો ભારતના સામાજિક,આર્થિક અને રાજકીય ઈતિહાસના વિકાસ તરફ દોરી જાય છે,તેઓ સામાજિક વિચારક હતા અને તેમના વિચારો સામાજિક-રાજકીય,ધાર્મિક અને આર્થિક સમસ્યાઉપર હતા.જેમ કે

**૩. ભારતીય સમાજમાં કઠોર જ્ઞાતિ વ્યવસ્થા એક અનિષ્ટ**

**૩.૧ સામાજિક વિચારધારા**

ડૉ.બી.આર.આંબેડકરે માનવ પ્રવૃતિના દરેક ક્ષેત્રમાં ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું,જેથી તેઓ આપણા સ્વતંત્ર વિચારધારાના સ્થાપક બની શકે.તેઓ સમાનતાના આધાર પર સામાજિક,વૈજ્ઞાનિક,સામાજિક પ્રગતિ અને સામાજિક સ્થિરતા તરીકે હિંદુ જ્ઞાતિ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને તાલીમ પામેલા હતા.તેમણે ગતિશીલતાના સિદ્ધાંતને અપનાવ્યો હતો.તેમના દ્રષ્ટિકોણમાં શાશ્વત કંઈ પણ નથી,બધું જ બદલાઈ છે અને પરિવર્તનનો નિયમ વ્યક્તિગત અને સમાજ માટે જરૂરી છે.તેઓ કોઈ પણ સ્વરૂપમાં જ્ઞાતિ વ્યવસ્થાના વિનાશમાં માનતા હતા.તેઓ આ શ્રાપથી આપણા સમાજને મુક્ત કરવા માંગતા હતા,જ્ઞાતિ આધારિત સમાજના ઉદ્ધાર માટે સ્વાતંત્ર્ય,સમાનતા અને ભાઈચારાનો આધાર જરૂરી છે.

- ઈતિહાસ અને ધર્મના પરિપ્રેક્ષ્યમાં ડૉ.બી.આર.આંબેડકરે હિંદુ જ્ઞાતિ વ્યવસ્થાના મૂળને જોયાછે.
- ડૉ.બી.આર. આંબેડકરે સ્વાતંત્ર્ય માટે લાંબી ખેંચાયેલી રાજકીય કારકિર્દીમાં તેમની શૈક્ષણિક કારકિર્દી પછી તરત જ સામાજિક રાજકીય અને બંધારણીય ભૂમિકા ભજવી હતી,તેમણે હરિજનના વિકાસ માટે સામાજિક અર્થતંત્ર માટે સત્યાગ્રહમાં ભાગ લીધો હતો.

- ડૉ.બી.આર.આંબેડકરને તેમની લાંબી કારકિર્દીમાં ઘણી સફળ ઇનિંગ્સ હતી.તેમનું ગતિશીલ વ્યક્તિત્વ,શિસ્તબધ્ધ જીવન.સખત મહેનત દ્વારા ઉતરતા દરજ્જાના આર્થિક રીતે નબળા વિભાગોને ખૂબ પ્રભાવિત કર્યા.
- રાજકીય વિચારક હોવાના કારણે તેમણે તેમના જાહેર ભાષણો અને અનેક લખાણો દ્વારા ઉતરતા દરજ્જાના લોકોની મૂળ સમસ્યાઓનો અભ્યાસ કર્યો ,તેમની સાથે ચર્ચા કરી અને એમના મૂળભૂત અધિકારોની જાણ કરી.
- હિંદુ સમાજમાં જ્ઞાતિ હજુ પણ વ્યક્તિની પ્રતિષ્ઠા નક્કી કરવામાં સૌથી શક્તિશાળી પરિબળ છે.જ્ઞાતિ પ્રણાલી 'પુનર્જન્મ અને કર્મ'ની માન્યતાનું પરિણામ છે.ચાર જ્ઞાતિઓના આખરે સૂચિના તળિયે અશ્પૃશ્ય લોકો સાથે ૩૦૦૦ ઉપજાતિઓના સામાજિક સ્તરમાં વિકસિત થયું.
- આ પ્રકારની કઠોર જ્ઞાતિ વ્યવસ્થા ભારત બહારની દુનિયામાં ક્યાંય મળતી.
- એક વ્યક્તિ એક જ્ઞાતિમાં જન્મે છે.એક વખત તે જ્ઞાતિમાં જન્મેલા,તેની સ્થિતિ પૂર્વનિર્ધારિત અને અપ્રિય છે.

### ૪. જ્ઞાતિ વ્યવસ્થાનો વિનાશ

- ડૉ.બી.આર.આંબેડકરે ભારતમાં સામાજિક સંકલનનું કામ કરતાં હતા.તેઓ કોઈ પણ સ્વરૂપમાં આ શ્રાપમાંથી સમાજનો છુટકારો અપાવવા માંગતા હતા.
- તેઓ એવા સમુદાયમાંથી આવતા હતા કે જેઓ જ્ઞાતિ વ્યવસ્થા અને દમનનથી પીડાતા હતા.તેથી તેમણે નિરાશ,હતાશ વર્ગના માટે પોતાની કારકિર્દીને સમર્પિત કરી અને પીડિત સમુદાયના મસીહા બન્યા.
- તેમણે જે સામાજિક વિચારધારા વિકસાવી જેને ઘણા લોકો દ્વારા ભારતીય સમાજમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે.

### ૫. ડૉ.બી.આર.આંબેડકરની લોકસેવા:

- ડૉ.બી.આર.આંબેડકર એક બહુવિધ વ્યક્તિત્વ ધરાવતા હતા.તેમની જાહેર સેવા વીસમી સદીના બીજા દાયકામાં શરુ થઈ.
- તેઓ રાજકારણી વર્ગની સેવાઓમાં માનતા હતા.જે તેમની સેવા માનવતામાં મૂકે છે.
- અહી તેઓ રાજકીય નેતા,ધારાસભ્ય,સામાજિક સુધારક અને માનવતાવાદી તરીકે તેમની' ભૂમિકા તપાસે છે.
- ડૉ.બી.આર.આંબેડકરની સામાજિક વિચારધારાએ શિક્ષણના પરિપ્રેક્ષ્યમાં વિશ્વસ્તર પર બધાનું ધ્યાન દોર્યું છે.

### ૬. તારણ

ડૉ.બી.આર.આંબેડકરનું નામ સામાજિક ન્યાયના સર્જક તરીકે ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલું છે.તેઓ ફક્ત બંધારણના ઘડનારા નહિ પરંતુ નબળા વર્ગના લોકોની સુધારણા માટે નવા સામાજિક વિચારધારાના સ્થાપક હતા. તેમણે લોકશાહીના સિદ્ધાંત પર એક શુદ્ધ જ્ઞાતિવીહીન સમાજનું સ્વપ્ન સેવ્યું.તેમણે પોતાનું આખું જીવન ગરીબ,શોષિત,અસ્પૃશ્ય અને મુશ્કેલીગ્રસ્ત વર્ગના લોકોની સુધારણામાં વિતાવ્યું. ભારતના આધુનિક સમાજે 'સામાજિક ન્યાય' એ 'સમાજ ન્યાય' ના ખ્યાલને સમજવું જરૂરી છે.

### સંદર્ભ સૂચિ

1. Baxi S.R. " Social Ideology of B.R.Ambedkar",New Delhi,Deep& Deep Publication.2001
2. Harish Wankhede" The Political and the social in the Dalit Movement today",Economic Political Weekly,Vol XLI No.40
3. Ekta Singh, Caste System in india A HistorucalPerspectives,NewDelhi,KalpazPublications,2003